# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY'23 માટે પરિણામોની જાહેરાત કરી

**દિલ્હીઃ** ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઇન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.એ આજે Q2 અને H1/FY '23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. જેમાં ગત વર્ષની તુલનાએ ચાલુ વર્ષે રૂ.1658 કરોડની આવક કામગીરીમાંથી, વાર્ષિક ધોરણે 23% વૃદ્ધિ નોંધાઈ હતી. જ્યારે માર્જિન FY2022 ના H1 માં 13.82% ની સરખામણીમાં 12.92% પર રહ્યો હતો અને PAT H1 FY2022 માં 117 કરોડની તુલનાએ રૂ.134 કરોડ રહ્યો હતો. આ ઉપરાંત H1 FY2023ની તુલનાએ H1 FY2022માં 1836 કરોડની ઓપરેશન્સ દ્વારા આવક, વાર્ષિક ધોરણે 21%ની વૃદ્ધિ નોંધાઈ હતી. જ્યારે EBITDA H1 FY2022 માં 198 કરોડની સરખમાણીએ રૂ. 236 કરોડ અને EBITDA માર્જિન FY2022 ના H1માં 13.02%ની સરખામણીમાં 12.86% પર PAT H1 FY2022 માં 124 કરોડની સરખામણીએ રૂ.151 કરોડ નોંધાયો હતો.